Tuesday
20.05.2025
✳Volume :9 ✳ Issue No.306
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

વિસનગર ખાતે મુખ્યમંત્રીશ્રીના હસ્તે રૂપિયા ૪૯૫ કરોડથી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનુંભૂમિપૂજન: ખાતમુહૂર્ત: લોકાર્પણ કરાયું

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ નાગરિક દેવો ભવ:,જનતા જનાર્દન મંત્ર અપનાવી લોકોના સર્વગ્રાહી સશકિતકરણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. :મુખ્યમંત્રીશ્રી

કમલમ્, મહેસાણા

અવિરત વિકાસના પંથે તામ્રનગરી વિસનગરના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી વિકાસની રાજનીતિને અવિરત આગળ વધારવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. ત્રણ દિવસમાં ગુજરાતમાં ૨૮૦૦ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ થયું છે. પ્રજાની સુખાકારી માટે આવા વિકાસકામોથતા હોય ત્યારે પ્રજાએ પણ તેમાં સહભાગી બનવું જોઈએ. પહેલા લોકો સરકાર પાસે વિકાસનું કામ માગતા સંકોચ અનુભવતા હતા. આજે કરોડ રૂપિયાનું કામ માગવામાં આવે છે. અને એ કામ થાય છે, સરકાર અને પ્રજા વચ્ચે આવું વિશ્વાસ સંપાદનનું કામ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયું છે. વધુમાં તેમણે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઓપરેશન સિંદૂર દ્વારા સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, આંતકવાદ નેજડમુળથી નાબૂદ કરવામાં આવશે. ઓપરેશન સિંદૂરની સફળતાબદલ મુખ્ય મંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગૃહમંત્રી અમિતભાઈ શાહ અને ઈન્ડિયન આર્મીને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાગરિક દેવો ભવ:, જનતા જનાર્દન મંત્ર અપનાવી લોકના સર્વગ્રાહી સશક્તિકરણ પર ધ્યાનકેન્દ્રિત કર્યું છે. વિકાસના કામો માટે નાણાંની કોઈ તંગી ન રહે એ પ્રકારનું આયોજન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં થયું છે. વિકાસકામો અંગે વાત કરતા મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે રાજ્યમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે ૧૦૨૦ કરોડના "ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરીડોર" પ્રોજેક્ટને પ્રોત્સાહન આપ્યું છે. વિસનગરમાં પણ ૨૧૦ કરોડના ખર્ચે બાયપાસ રોડનું નિર્માણ થવાનું છે. ગુજરાતના છેવાડાના ગામો સુધી રોડ,રસ્તા, શિક્ષણ, આરોગ્ય જેવી સુવિધાઓ પહોંચે એ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. પહેલાના સમયમાં ગુજરાતમાં ૧૩૭૫ મેડિકલ સીટો હતી, હાલમાં દર વર્ષે ૭૦૦૦ ડોક્ટર્સ તૈયાર થાય છે. ગામડામાં આરોગ્યની સુખાકારી માટે તાલુકા લેવલે સબ ડિસ્ટ્રિક હોસ્પિટલ એપ્રોડ કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ટીબી નિર્મૂલન પર ખાસ ભાર મૂક્યો છે. ટીબીના દર્દીઓ માટે નિક્ષય યોજના શરૂ કરી ટીબીના દર્દીઓને સારવાર આપવાનું, પોષણ કીટ આપવાનું સંવેદનાત્મક દાયિત્વ નિભાવવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું કે આપણે દેશની આગ્રહીમાં યોગદાન આપી શક્યા નથી, તો વર્ષ ૨૦૪૭માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રમોદીએ આપેલા નવ સંકલ્પો જળસંચય, ગ્રીન કવર, સ્વચ્છતા, લોકલ ફોર વોકલ, દેશ દર્શન, પ્રાકૃતિક ખેતી અપનાવવી, તંદુરસ્ત જીવનશૈલી અપનાવવી, યોગરમતને જીવનમાં સ્થાન આપવું અને ગરીબોની મદદ કરવા અનુરોધ કર્યો હતો. અવિરત વિકાસના પંથે પગ માંડતી તામ્રનગરી વિસનગર એપીએમસી ગ્રાઉન્ડ ખાતે મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે સિવિલ હોસ્પિટલ વિસનગર, તાલુકા પંચાયત તથા વિસનગર નગરપાલિકાની નવનિર્મિત બિલ્ડિંગના લોકાર્પણ સહિત રૂપિયા ૪૯૫ કરોડથી વધુના વિવિધ વિકાસલક્ષી કાર્યોનું લોકાર્પણ, ખાતમુહૂર્ત અને ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. જેમાં રૂપિયા ૪૨૩ કરોડથી વધુના ૭૬ વિકાસ કાર્યોનું ભૂમિપૂજન અને ખાતમુહૂર્ત તેમજ રૂપિયા ૭૨ કરોડથી વધુના ૧૮ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ જણાવ્યું હતું કે, તામ્રની આગવી ઓળખ ધરાવતા વિસનગરવણથંભી વિકાસયાત્રાની દિશામાં આગળ વધી રહ્યું છે. વિસનગરના નાગરિકોને પીવાનું પાણી, રોડ રસ્તા, શિક્ષણ, લાઈબ્રેરી, સેમિનાર હોલ, કોમ્યુનિટી હોલ, શાળાના ઓરડા, ઓવરબ્રિજ જેવી માળખાકીય સુવિધાઓ મળીરહે તેમાટે સરકાર દ્વારા અવિરત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તામ્રનગરી એવી વિસનગરના વિકાસ માટે સરકાર દ્વારા હકારાત્મક વલણ રાખી અહીંયા વિકાસની વણથંભી વિકાસ યાત્રા આદરી છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, દેશના વડાપ્રધાનશ્રી ના નેતૃત્વમાં રાષ્ટ્ર સ્વાભિમાન, વિકાસ અને ગૌરવ સાથે વિરાસતની યાત્રામાં પહેલ કરી રહ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સ્વપ્નમાં મજબૂત રાષ્ટ્રના નિર્માણની સાથે ગ્રામીણ વિકાસને પ્રાધાન્ય આપ્યું છે. આજે હેરિટેજ તરીકે ઓળખાતા વિસનગરને વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પો ની સોગાત મળી છે. જેના થકી વિસનગરના નાગરિકોના જીવનધોરણમા વધારો થશે. આ પ્રસંગે જિલ્લા પ્રભારી મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે છેવાડાના માનવીની પરવાહ કરી વિસનગર ખાતે વૈદિક પરંપરા સાથે અવિરત વિકાસની યાત્રા આરંભી છે. આજે દેશ સહિત ગ્રામીણ વિકાસ માટે સરકાર પ્રયત્નશીલ છે.

ગામડાના લોકોને પાયાની સુવિધા મળી રહે તેમજ ગ્રામીણ વિકાસને વેગવંતો બનાવવા માટે સરકારશ્રી વિવિધ યોજનાઓ અમલી બનાવી છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, સહકારથી સમૃદ્ધિના ધ્યેય સાથે આજે સહકાર ક્ષેત્રે ગુજરાત અગ્રેસર બન્યું છે. સહકારથી સમૃદ્ધિ થકી ગામડાનાં ખેડૂતો, પશુપાલકો, મહિલાઓને સશક્ત બનાવવા માટે સહકારી મંડળીઓનું માળખું વધુ મજબૂત બનાવવા રાજ્ય અને કેન્દ્ર સરકાર હરહંમેશ તત્પર રહે છે. નોંધનીય છે કે, નાગરિકોની આરોગ્યની સુખાકારી માટે રૂપિયા ૩૦ કરોડના ખર્ચે નવીન હોસ્પિટલ બિલ્ડીંગ, વિસનગર શહેરના નાગરિકોની સુખાકારી માટે રૂપિયા ૦૬.૭૦ કરોડના ખર્ચે નવીન નગરપાલિકા બિલ્ડીંગ તેમજ વિસનગર તાલુકાના ગ્રામ્યજનોનની સુખાકારી માટે રૂપિયા ૦૪.૪૭ કરોડના ખર્ચે નવીન તાલુકા પંચાયત બિલ્ડીંગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, શિક્ષણ-આરોગ્ય-પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓ સહિત વિવિધ વિકાસકામોના ભૂમિપૂજન: ખાતમુહુંત: લોકાર્પણ અંતર્ગત વિસનગર નગરપાલિકા દ્વારા રૂપિયા ૧૮.૮૭ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ અને રૂપિયા ૧૦.૧૨ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું તેમજ માર્ગ અને મકાન વિભાગ પંચાયત અને રાજ્ય દ્વારા રૂપિયા ૪૦૭ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન વિવિધ યોજનાઓના લાભાર્થીઓને યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. અવિરત વિકાસના પંથે તામ્રનગરી વિસનગર ખાતેના કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ તૃષાબેન પટેલ, સાંસદ હરિભાઈ પટેલ, સાંસદ ભરતસિંહ ડાભી, ધારાસભ્ય સવેશ્રી મુકેશભાઈ પટેલ, સી.જે.ચાવડા, સરદારભાઈ ચૌધરી, કિરીટભાઈપટેલ, સુખાજી ઠાકોર, કે.કે.પટેલ, દૂધસાગર ડેરી ચેરમેન અશોકભાઈ ચૌધરી, જિલ્લા કલેકટર એસ. કે. પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારી ડો. હસરત જૈસમીન, નિવાસી અધિક કલેકટર જે.કે. જેગોડા, અગ્રણી રજનીભાઈ પટેલ, સુશ્રી વર્ષાબેન દોશી, મહેન્દ્ર પટેલ, ગિરીશભાઈ રાજગોર, પ્રાંત અધિકારી વિસનગર, વિસનગર તાલુકા અને પાલિકાના, પ્રમુખશ્રીઓ, પદાધિકારીઓ/અધિકારીઓ, પ્રબુદ્ધ નાગરિકો, વિસનગર સહિત જિલ્લામાંથી મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

મહેસાણાના ઉમતા ખાતે શ્રી કમલા સંધ્યા 'અપના ઘર' આશ્રમના નવીન મકાનનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે લોકાર્પણ

૩૦૦ દિવ્યાંગ મહિલા અને પુરૂષ પ્રભુજીઓના નિવાસ સહિત હોસ્પિટલ સુવિધાથી સજ્જ અપના ઘરનું લોકાર્પણ કરાયું

મુખ્યમંત્રીશ્રી આવી સંસ્થાથી પ્રધાનમંત્રીશ્રીના અભિગમ "દિવ્યાંગ દરિદ્ર નારાયણની સેવા" સાકાર થઇ રહી છે

કમલમ્, મહેસાણા,

મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના ઉમતા ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે શ્રી કમલા સંધ્યા 'અપના ઘર' આશ્રમનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, "કમલા સંધ્યા અપના ઘર" સંસ્થા એવા લોકોની સેવા કરે છે જે સમાજથી તરછોડાયેલા છે અને માનસિક શારીરિક દિવ્યાંગ છે. તેમણે ઉમેર્યું હતું કે ઘણા કાર્યો ખૂબ નાના લાગે છે, પંરતુ હકીકતમાં તે ખૂબ જ મોટું કામ હોય છે જેનાથી અનેક લોકોના જીવનમાં આનંદ લાવી શકીએ છીએ. મુખ્યમંત્રીશ્રી એ વધુમાં જણાવ્યું હતુ કે, આ કાર્યક્રમ દરેકને પ્રેરણા આપતો છે, આવા પ્રકારના કાર્યોથી ઈશ્વરના આશિર્વાદ મળે છે જેનાથી જીવનમાં હકારત્મક પરીણામ આવે છે, તેમણે જણાવ્યું હતું કે, દરેક માનવીના સારા અભિગમને કુદરત તેના અલગ અલગ રૂપમાં મદદ કરે છે, ત્યારે આ પ્રકારની સંસ્થાથી પ્રધાનમંત્રીશ્રીના અભિગમ "દિવ્યાંગ દરિદ્ર નારાયણની સેવા" સાકાર થઈ રહી છે.

આ પ્રસંગે આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, શ્રી કમલા સંધ્યા 'અપના ઘર' આશ્રમ થકી સેવાના બીજ રોપાયા છે જે આત્મલુકા માટે ગૌરવની વાતા છે તેમણે ઉમેર્યું હતું કે, સંસ્થા દિવ્યાંગ વ્યક્તિને રોડ પરથી લાવી તેમની સેવા કરે છે, જ્યારે સારા થાય ત્યારે પરિવાર સાથે ભેટો કરાવે છે, આ પ્રકારની સેવા જવલેજ જોવા મળે છે,.

આ પ્રસંગે મુખ્ય દાતાશ્રી વી વી પટેલે જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિમાં અસંખ્ય યોગીઓએ કર્મ સાથે જોડ્યા છે, જેથી સમાજમાંથી લીધું તેનો પરત કરવાનો સૌથી શ્રેષ્ઠ રસ્તો એટલે દાન, જેમાં તમામ દાતાશ્રીઓ દાન આપી સમજ સેવા કરવા અપીલ કરી હતી આ પ્રસંગે ભરતપુર સંસ્થાના વીરપલસિંહએ જણાવ્યું હતું કે, ડોક્ટર ભારદ્વાજ અને તેમના પત્ની શ્રીમતી માધુરી ભારદ્વાજ ભરતપુર ખાતે આશ્રમની સ્થાપના કરી, જે આજે વટવૃક્ષ બની રાષ્ટ્રના ૧૧ રાજ્યોમાં ૬૫ જેટલા અપના ઘર આશ્રમની સ્થાપનાઓ કરવામાં આવી છે, આ સંસ્થામાં રાષ્ટ્રભરમાં ૧૫,૦૦૦ થી વધુ લોકો રહે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મૂળ ભરતપુર રાજસ્થાનના માં માધુરી વ્રજ વારિસ સેવા સદનથી પ્રેરણા લઈ મહેસાણાના વિસનગરના ઉમતા ખાતે આશ્રમની સ્થાપના કરવામાં આવી છે. આ આશ્રમમાં માનસિક શારીરિક દિવ્યાંગ મહિલા અને પુરુષ પ્રભુજીને રાખવામાં આવે છે. આ આશ્રમની સ્થાપના નો વિચાર શ્રી ભારદ્વાજ અને તેમના પત્ની દ્વારા ભરતપુર શરૂઆત કરી આજે દેશના ૧૧ રાજ્યોમાં ૬૫ જેટલા આશ્રમોની સ્થાપના કરાઈ છે જેમાં સમગ્ર ગુજરાતમાં ચાર આશ્રમોની સ્થાપના કરાઈ છે જેમાંનો પ્રથમ સ્વતંત્ર મકાનનું નિર્માણ ઉમતા ખાતે કરવામાં આવ્યુ છે. નોંધનીય છે કે શ્રી કમલા સંધ્યા 'અપના ઘર' આશ્રમમાં ૨૦૦ થી વધુ પુરુષ પ્રભુજી અને ૧૦૦ મહિલા પ્રભુજીની રહેવાની ક્ષમતા ધરાવે છે.

આ કેમ્પસમાં આરોગ્ય સેવાઓ માટે હોસ્પિટલ સહિતની સુવિધાઓ સાથે સુંદર સ્થળનું નિર્માણ દાતાઓના સહયોગથી કરાયું છે. કાર્યક્રમમાં દાતાઓનું સન્માન મુખ્યમંત્રીશ્રી સહિત મહાનુંભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા, લોક સભા સાંસદ શ્રી હરિભાઈ પટેલ, રાજ્ય સભા સાંસદશ્રી નરહરી અમીન, ધારાસભ્ય સવેશ્રી મુકેશભાઈ પટેલ, શ્રી સરદારભાઈ ચૌધરી, શ્રી કિરીટભાઈપટેલ, શ્રી પ્રકાશભાઈ વરમોરા, કલેક્ટરશ્રી એસ.કે. પ્રજાપતિ, પૂર્વ ધારાસભ્યશ્રી રમણભાઈ પટેલ, અગ્રણી સર્વેશ્રી હર્ષદભાઈ પટેલ, શ્રી ગભજીભાઈ સુતરીયા, શ્રી વિકાસઉપાધ્યાય, શ્રી એચ.એસ.પટેલ, શ્રી પ્રકાશભાઈ પટેલ, શ્રી ગીરીશભાઈ રાજગોર સહિત મોટી સંખ્યામાં દાતાશ્રીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમાં પ્રસરી મધની મીઠાશ; મધમાખી પાલન બન્યો ખેડૂતોની સમૃદ્ધિનો મધુર માર્ગ

ગુજરાતમાં છેલ્લા એક દાયકામાં મધમાખી પાલન કરતા ખેડૂતોની સંખ્યામાં થયો નોંધપાત્ર વધારો: કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ

મધમાખી પાલનને પ્રોત્સાહન આપવા રાજ્યના ખેડૂતોને વિવિધ યોજના હેઠળ રૂ. ૮૭૬ લાખથી વધુની સહાય ચૂકવાઈ

રાજ્યના ૫૩ આદિજાતિ તાલુકાના ૫,૩૦૦ લાભાર્થીઓને ચાલુ વર્ષે બે-બે મધમાખીની પેટીઓ વિનામૂલ્યે અપાશે

કમલમ્,

નાગરિકોના સ્વાસ્થ્યની જાળવણી અને જીવસૃષ્ટિમાં મધમાખીઓ તેમજ અન્ય પરાગરજ કોના મહત્વ વિશે જાગૃતિ લાવવા માટે દર વર્ષે તા. ૨૦મી મેના દિવસને ''વિશ્વ મધમાખી દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોની આવક બમણી કરવાનો જે સંકલ્પ કર્યો છે, તેમાં મધમાખી પાલનનો વ્યવસાય બમણું યોગદાન આપીને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે. ગુજરાતમાં મધમાખી પાલન વ્યવસાય ખેડૂતોની સમૃદ્ધિના નવા દ્વાર ખોલી રહ્યો છે. કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે આ સંદર્ભે કહ્યું હતું કે, આજે ખેડૂતો ખેતીની સાથે પૂરક વ્યવસાય તરીકે મધમાખીપાલનને અપનાવી રહ્યા છે. ગુજરાતમાં છેલ્લા એક દાયકામાં મધમાખીપાલન કરતા ખેડૂતોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. તાજેતરમાંજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના 'મન કી બાત' કાર્યક્રમમાં 'મધુક્રાંતિ'નો ઉલ્લેખ કરીને ખેડૂતોને મધમાખી પાલનનો વ્યવસાય અપનાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. મધમાખીપાલનનો વ્યાપ વધતા ગુજરાતમાં ''મધુક્રાંતિ''ની મીઠી શરૂઆત થઈ છે.

મધમાખી પાલનના લાભ:

મધમાખીઓ બાગાયતી પાકોના ઉત્પાદનમાં પરાગનયનની મહત્વપૂર્ણ પ્રક્રિયામાં ખૂબ જ મદદરૂપ થાય છે. તે છોડના પરાગ કણોને એક છોડમાંથી બીજા છોડમાં લઈ જવામાં મદદ કરે છે, જેના પરિણામે બાગાયતી પાકોનું ઉત્પાદન વધે છે. આ ઉપરાંત, મધમાખી પાલન વ્યવસાયનો ખર્ચ ઓછો અને નફો વધુ હોવાથી ખેડૂતોને મધના ઉત્પાદનથી સારી આવક પણ મળે છે. પરિણામે ખેડૂતોને મધ અને સારા બાગાયતી ઉત્પાદનનો બમણો લાભ મળે છે.

ગુજરાતમાં મધમાખી પાલનને પ્રોત્સાહન:

ભારત સરકાર અને રાજ્ય સરકારની યોજનાઓના સમન્વયથી રાજ્યમાં મધમાખીપાલન કરતા ખેડૂતોને અત્યાર સુધીમાં કુલ રૂ. ૮૭૬ લાખથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. જેમાં મધમાખી સમૂહ કોલોની વસાવવા માટે ૧,૨૪૫ લાભાર્થીઓને રૂ. ૪૧૮ લાખ, મધમાખી હાઈવ્સની ખરીદી માટે ૧,૨૩૪ લાભાર્થીઓને રૂ. ૪૧૫ લાખ, હની એક્સ્ટ્રેક્ટર માટે ૩૧૭ લાભાર્થીઓને રૂ. ૩૩ લાખ અને બી-બ્રીડર દ્વારા મધમાખી સમૂહના ઉત્પાદન માટે રૂ. ૯ લાખ મળીને કુલ રૂ. ૮૭૬ લાખથી વધુની સહાય લાભાર્થીઓને ચૂકવવામાં આવી છે.

મિશન મધમાખી હેઠળ રાજ્યના ૨૮૪ લાભાર્થીઓને મળી રૂ. ૧૮૦ લાખથી વધુની સહાય

આદિજાતિ વિસ્તારમાં વધશે મધુપાલનનો વ્યાપ:

રાજ્યના આદિજાતિ વિસ્તારમાં મધમાખી પાલનનો વ્યાપ વધે, રોજગારીની તકો વધે અને આદિજાતિ ભાઈઓ પણ મધમાખી પાલન દ્વારા વધારાની આવક મેળવી શકે તે હેતુથી રાજ્ય સરકારે ''આદિજાતિ વિસ્તારના મધમાખી પાલકોને વિનામૂલ્યે મધમાખીની હાઈવ્સ તથા કોલોની પૂરી પાડવાની યોજના'' અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ ચાલુ વર્ષે રાજ્યના ૫૩ આદિજાતિ તાલુકાના આશરે ૫,૩૦૦ લાભાર્થીઓને પ્રતિ લાભાર્થી બે મધમાખીની પેટીઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે, જેથી તેઓ સરળતાથી મધમાખી પાલન શરૂ કરી શકે.

૧૧,૩૦૦ જેટલા લાભાર્થીઓને તાલીમ અપાઈ:

આજે ગુજરાતના ઘણા ખેડૂતો મધમાખી પાલનથી મધ, મીણ, પ્રોપોલીસ, બી-વેનમ, રોયલ જેલી જેવી પેદાશોનું વેચાણ કરીને આર્થિક રીતે સક્ષમ બન્યા છે. મધમાખી ઉછેરમાં રસ ધરાવતા ખેડૂતોને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજના હેઠળ પ્રોત્સાહન, સહાય અને તાલીમ આપવામાં આવી રહી છે. મિશન મધમાખી હેઠળ અત્યાર સુધીમાં રાજ્યના ૧૧,૩૦૦ જેટલા લાભાર્થી ખેડૂતોને મધમાખી ઉછેરની અદ્યતન તાલીમ આપવામાં આવી છે. આવતીકાલે વિશ્વ મધમાખી દિવસ નિમિત્તે પણ રાજ્ય સરકારના બાગાયત વિભાગ દ્વારા અરવલ્લી, રાજકોટ, સુરેન્દ્રનગર અને વલસાડ જિલ્લા ખાતે મધમાખી પાલન અંગેના એક વિશેષ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

મિશન મધમાખી:

રાજ્યમાં મધમાખી ઉછેર માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવાની સાથે તેમને આ વ્યવસાય સંબંધિત માર્ગદર્શન, તાલીમ આપવા તેમજ મહત્તમ મધ ઉત્પાદન, પ્રોસેસિંગ, પેકિંગ અને માર્કેટિંગ વ્યવસ્થા કરવાના ઉદ્દેશ્યથી બાગાયત વિભાગ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩થી 'મિશન મધમાખી' કાર્યક્રમ અમલમાં મૂકાયો છે. આ કાર્યક્રમ હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં અમુલ ડેરીના ૨૮૪ સભાસદોને મધમાખી ઉછેર માટે મધની પેટી, હની એક્સ્ટ્રેક્ટર, ફૂડગ્રેડ કન્ટેઈનર, પ્રોસેસિંગ, પેકેજિંગ, કોલ્ડરૂમ એકમ માટે કુલ રૂ. ૧૨૭.૪૩ લાખની સહાય ચૂકવવામાં આવી છે. તેવી જ રીતે, બનાસ ડેરીના ૫૦૦ સભાસદો માટે પણ રાજ્ય સરકાર દ્વારા મધમાખી ઉછેરના સાધનો ખરીદવા ઉપરાંત વિવિધ એકમો માટે રૂ. ૧૮૦ લાખની સહાય મંજૂર કરવામાં આવી છે. વિશ્વ મધમાખી દિવસ માત્ર મધમાખી પાલન વ્યવસાયની સંભાવનાઓને વધુ ઉજાગર કરવાનો દિવસ જ નહિ, પરંતુ મધમાખીના સંરક્ષણ માટે પણ એટલો જ મહત્વપૂર્ણ છે.

તંત્રી સ્થાનેથી......

ઈસરોના નિવૃત વૈજ્ઞાનિક ડૉ. મધુકાંત પટેલે 'સ્માર્ટ મધપૂડા' વિકસાવ્યા છે. જે મધમાખી ઉછેરને વધુ કાર્યક્ષમ, સરળ અને ફળદાયી બનાવી રહ્યા છે. તેમના આ સ્માર્ટ મધપૂડાથી મધની ગુણવત્તા સુધરે છે અને ખેતીવાડીને પણ ફાયદો થાય છે. ટ્રેડીશનલ બી-કિપીંગ એટેલ કે પરંપરાગત મધમાખી ઉછેરમાં કેટલીક મર્યાદાઓ હોય છે, જેમ કે મધપેટી કે મધપૂડાની નિયમિત—વારંવાર તપાસ કરવી મુશ્કેલ છે. મધમાખીના સમૂહોનું દૂરથી નિરીક્ષણ કરવાથી સંપૂર્ણ જાણકારી મળતી નથી. આ પડકારોનો સામનો કરવા માટે "ઈન્ટિગ્રેટેડ હાઈવમેનેજમેન્ટ સિસ્ટમ" વિકસાવવામાં આવી છે. આ સિસ્ટમમાં સ્માર્ટ મધપૂડાઓનો ઉપયોગ થાય છે જે તાપમાન, ભેજ, વજન (લોડ સેલ) અને મધપૂડાનો અવાજ (મધમાખીઓનો ગણગણાટ) ડિટેક્ટ કરવાના સેન્સરથી સજ્જ હોય છે. આ સેન્સરથી મધપૂડાની અંદરની પરિસ્થિતિનું સતત નિરીક્ષણ કરી શકાય છે અને જરૂરી ડેટા મેળવી શકાય છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) મોડેલ દ્વારા આ ડેટાનું વિશ્લેષણ કરીને મધમાખી ઉછેર કરનારાઓને મધ ઉછેરની ઉપયોગી માહિતી અને સૂચનો આપવામાં આવે છે. આનાથી મધપૂડામાં થતી અસામાન્ય ઘટનાઓ જેવી કે મધમાખીઓનું એકસાથે ઉડી જવું (સ્વાર્મિંગ) કે પછી આખા મધપૂડાનું નાશ પામવું (કોલોની કોલેપ્સ ડિસઓર્ડર) જેવી સમસ્યાઓને ઉકેલવામાં મદદ મળે છે. આ સિસ્ટમમાં "જીઆઈએસ મેપિંગ" (GIS mapping) અને "રિમોટ સેન્સિંગ" (remOe sensing) ટેક્નોલોજીનો પણ સમાવેશ થાય છે. તેનાથી મધપૂડાના સ્વાસ્થ્યનું રિયલ ટાઈમ નિરીક્ષણ કરી શકાય છે અને પરાગનયન (cross-pollination) ને વધુ સારું બનાવી શકાય છે. વધુમાં, એક હાથમાં પકડી શકાય તેવું "સ્પેક્ટ્રોમીટર" (spectrom er) મધની ગુણવત્તા અને શુદ્ધતાનું અનુમાન લગાવે છે, અને મધ ક્યાંથી આવ્યું છે તે પણ જાણી શકાય છે (traceability). આ ટેકનોલોજીનો ઉદ્દેશ મધ અને મધમાખીના અન્ય ઉત્પાદનો જેવા કે રોયલ જેલી, પરાગ, પ્રોપોલિસ, અને મીણનું ઉત્પાદન વધારવાનો છે. આનાથી મધમાખી ઉછેર કરનારાઓને ફાયદો થાય છે અને પરાગનયનની કાર્યક્ષમતામાં સુધારો થવાથી ખેતીવાડીને પણ મદદ મળે છે. ડૉ. મધુકાંત પટેલે મધની ગુણવત્તા ચકાસવા માટે એક સ્પેક્ટ્રોમીટર પણ વિકસાવ્યું છે, જે મધમાં રહેલા પ્રોટીન, ભેળસેળ અને ભેજનું પ્રમાણ જેવા નાનામાં નાના ઘટકોનું પણ વિશ્લેષણ કરી શકે છે. આ બધું "એડવાન્સ મશીન લર્નિંગ" (Advanced Machine Learning) અને "આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ" (Artificial Intelligence) ની મદદથી શક્ય બને છે. ઉલ્લેખનીય છે કે, મધ ઉત્પાદનમાં ભારત વિશ્વમાં અગ્રણી દેશ છે.

સાબરકાંઠા ભાજપ દ્વારા પુણ્યશ્લોક અહિલ્યાબાઈ હોલકરજીની જન્મજયંતી અંતર્ગત કાર્યશાળા યોજાઈ

મુખ્ય વક્તા અમદાવાદના પૂર્વ મેયર બીજલબેન પટેલ ઉપસ્થિત રહ્યા

કમલમ્, ઈકબાલ મેમણ

પુણ્યશ્લોક અહિલ્યાબાઈ હોલકરજીની ૩૦૦મી જન્મજયંતી નિમિત્તે સાબરકાંઠા ભાજપ દ્વારા હિંમતનગર શહેરમાં નવા માર્કેટયાર્ડમાં જિલ્લાની કાર્યશાળા યોજાઈ. જેમાં જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, જિલ્લા સંગઠન પ્રભારી ગજેન્દ્રભાઈ સક્સેના, મુખ્ય વક્તા અમદાવાદના પૂર્વ મેયર અને આ કાર્યક્રમના ઉત્તર ઝોનના ઈન્ચાર્જ બીજલબેન પટેલ, પ્રદેશના અગ્રણી શોભનાબેન બારોટ, જિલ્લા ભાજપ મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવર, લોકેશભાઈ સોલંકી, કાર્યક્રમના જિલ્લા ઈન્ચાર્જ પ્રેમલભાઈ દેસાઈ, સહઈન્ચાર્જ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ ની ઉપસ્થિતિમાં યોજાયેલી આ કાર્યશાળામાં મુખ્ય વક્તા અમદાવાદના પૂર્વ મેયર બીજલબેન પટેલે પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે અહિલ્યાબાઈ શિવજીના ભક્ત હતા. અને નિયમિત પૂજા, અર્ચના કરીને આરાધના કરતા હતા. અને લોક સેવા કરતા હતા. તેમણે પોતાના વક્તવ્ય માં કહ્યું હતું કે ''બાઈ'' એ સન્માન વાચક શબ્દ છે. અહિલ્યાબાઈ રાષ્ટ્ર સેવા વિકાસ અને વિશ્વાસને સાથે ચાલીને જંગ જીતી શક્યા હતા. મુગલ શાસન દરમિયાન ધાર્મિક સ્થાનો અને મંદિરોને તોડવામાં આવ્યાં હતા જેમનું તેમના દ્વારા પુનઃનિર્માણ કરવામાં આવ્યું હતું તેમના થકી જ્યાં લોકો મોટા ટોળા માં ભેગા થતા અને વિકાસની વાતો કરતાં હતા ત્યાં વાવ અને કુવા બનાવ્યા હતા પતી, પુત્ર, સસરા ને ગુમાવ્યાં પછી પણ હિમ્મત થી રાજ ચલાવ્યું અનેક કામો કર્યા હતા. વધુમાં નારી સશક્તિ કરણ માટે તેમણે મહેશ્વરી સાડી ૩૦૦ વર્ષ પહેલા બનાવડાવી હતી એમના ૩૦ વર્ષના કાર્યકાળ દરમિયાન ૩,૫૦૦ મંદિરનો જીણોદ્ધાર કર્યો હતો. તેમણે યુદ્ધમાં લડવા માટે તેમના સસરા પાસે શિક્ષણ મેળવ્યું હતું. અને સફળ લડાઈ એક યોદ્ધાબની લડી હતી.

વધુમાં બીજલબેન પટેલે જણાવ્યું હતું કે સાબરકાંઠા જિલ્લામાં અહિલ્યાબાઈ ના જીવન ચરિત્ર વિશે માહિતી આપવા બદલ આ વાતો લોકો ને ખબર પડે તે આશય થી અહિલ્યાબાઈ ની જન્મ જયંતી નિમિત્તે તારીખ ૨૧/૫ થી ૩૧/૫ સુધી વિવિધ કાર્યક્રમો થકી ઉજવવામાં આવશે. સ્વાગત પ્રવચન જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલે કરેલ જેમાં મન કી બાત નો કાર્યક્રમ, અન્ય કાર્યક્રમ વિશે કાર્યકર્તાઓને માહિતી આપી હતી. જિલ્લા સંગઠન પ્રભારી ગજેન્દ્રભાઈ સક્સેનાએ પણ આગામી દિવસોમાં શક્તિ કેન્દ્ર ઉપર કેવા કાર્યક્રમો કરવાના છે તેની માહિતી આપી હતી.

વન સ્ટેપ ફોર હેલ્પ ફાઉન્ડેશન દ્વારા અનાથ બાળકો માટે ડાયરો યોજાયો.

કમલમ્, બારડોલી

તારીખ ૧૭મી મે ૨૦૨૫ ના રોજ માંડવી ખાતે વન સ્ટેપ ફોર હેલ્થ ફાઉન્ડેશન દ્વારા અનાથ બાળકોના અભ્યાસ માટે એક ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉદ્ઘાટન તરીકે માંડવી નગર ભાજપ પ્રમુખ સ્થિત હિતેશભાઈ રાવળ તથા ડોક્ટર અશોક સોલંકી સર, માંડવી નગર પાલિકાના ચેરમેન રંજનબેન મરાઠી તથા કોર્પોરેટર અ જ્વલકાલોઢા ઉપસ્થિત રહ્યા હતા. આલોક ડાયરામાં ગાયક વિવેક વઘાણી, રાજભા ગઢવી, ભૂમિકાબેન આહીરે ખૂબસૂરીલા કંઠે ભજનો સંભળાવી માંડવી નગરજનોને ડોલાવ્યા હતા. આ ભવ્ય લોક ડાયરામાં સુરતથી ખાસ પધારેલા અને કષ્ટભંજન દેવ હનુમાનજીના માત્ર દસ વર્ષના ઉપાસક એવા આર્યન ભગત પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ભવ્ય લોકડાયરોનું આયોજન વન સ્ટેપ ફોર હેલ્પ ફાઉન્ડેશનના ચેરમેન શ્રી હર્ષિલ રામપરિયા, કાર્યકર ઋત્વિક પરમાર તથા તેમની ટીમે કર્યું હતું. અમારા પ્રતિનિધિ ને એક મુલાકાત માં હર્ષિલ રામ પર્યાય જણાવ્યું હતું કે આ ડાયરા માંથી જે કોઈ પણ રકમ આવશે તે રકમને અનાથ બાળકોના શિક્ષણ પાછળ ખર્ચવામાં આવશે. અને આવી અનેક સેવાકીય પ્રવૃત્તિ ભવિષ્યમાં પણ કરતા રહીશું.

સુરતના કામરેજ તાલુકાના ઉંભેળ ગામે મધમાખી ઉછેર કેન્દ્ર બન્યું આત્મનિર્ભરતાનું મોડેલ

શ્રી અર્પીત ઓર્ગેનિક કંપની શરૂ કરીને ૧૧૦૦ બોક્સ, ૩૫ ટન મધનું ઉત્પાદન અને વાર્ષિક રૂ.૩૦ લાખની આવક સાથે ૧૦ લોકોને રોજગારી પૂરી પાડે છે વિનોદભાઇ નકુમ



સુરતના ડભોલી વિસ્તારના વિનોદભાઈ નકુમે હીરાનો વ્યવસાય છોડીને મધમાખી ઉછેરથી મેળવી નવી ઓળખ

કમલમ્, સુરત

મધમાખીઓ જૈવવિવિધતાના સંરક્ષણ, પ્રકૃતિમાં પર્યાવરણીય સંતુલન અને પ્રદૂષણ ઘટાડવામાં ખૂબ જ ઉપયોગી ભૂમિકા ભજવે છે. પર્યાવરણીય પ્રણાલીમાં મધમાખીનો મહત્વ અને તેમના સંરક્ષણ વિશે લોકોને જાગૃત કરવાના ઉદ્દેશ્ય સાથે દર વર્ષે ૨૦મેના રોજ વિશ્વ મધમાખી દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો પ્રસ્તાવ યુનાઈટેડ નેશન્સ સમક્ષ ૨૦મે ૨૦૧૭ના રોજ મધમાખી ઉછેર કરનારા એસોસિએશન ઑફ સ્લોવેનિયાના નેતૃત્વ હેઠળ મૂકવામાં આવતા સંયુક્ત રાષ્ટ્રના સભ્ય દેશોએ ડિસેમ્બર ૨૦૧૭માં આ દિવસની ઉજવણી કરવાની મંજૂરી આપી હતી. પ્રથમ વિશ્વ મધમાખી દિવસ ૨૦મે ૨૦૧૮ના રોજ મનાવવામાં આવ્યો હતો.

આ વિશેષ દિવસ ૨૦ મેના રોજ એન્ટોન જાન્સાના જન્મદિવસની યાદમાં ઉજવવામાં આવે છે, જેને આધુનિક મધમાખી ઉછેર તકનીકના પિતા કહેવામાં આવે છે. એન્ટોન જાન્સાનો જન્મ ૨૦ મે ૧૭૩૪ના રોજ સ્લોવેનિયામાં થયો હતો. મુળ ભાવનગર જિલ્લાના નાના-આસરાણા ગામના અને વર્ષોથી સુરતના ડભોલી વિસ્તારમાં સ્થાયી થયેલા તથા સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ઉંભેળ ગામે મધમાખીનો ઉછેર વ્યવસાય કરતાં ૪૫ વર્ષીય વિનોદભાઈ રામજીભાઈ નકુમે ગુજરાતમાં મધમાખી ઉછેર ક્ષેત્રે પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરી નવી ઓળખ ઉભી કરી છે.

વિનોદભાઈ પહેલાં ડાયમંડ ઉદ્યોગ સાથે સંકળાયેલા હતા, પરંતુ વર્ષ ૨૦૧૧માં હરિયાણાની સફર દરમિયાન મધમાખી ઉછેર કેન્દ્રની મુલાકાતે જતાં તેમનું જીવન બદલાઈ ગયું.

માત્ર ૨૫ બોક્સથી શરૂ કરીને આજે તેઓ ૧૧૦૦થી વધુ બોક્સનું સંચાલન કરે છે. જેના થકી વર્ષે ૩૦ થી ૩૫ ટન જેટલું શુદ્ધ મધ ઉત્પન્ન થાય છે, જેના વેચાણથી થકી સારી એવી આવક પ્રાપ્ત કરી રહ્યાં છે. વિનોદભાઈ નકુમ પોતાની સફળતા વિશે વાત કરતા કહે છે કે, જ્યારે હીરાનો વ્યવસાય છોડ્યો અને માત્ર ૨૫ બોક્સથી મધમાખી ઉછેરની શરૂઆત કરી, ત્યારે ઘણા લોકો શંકા વ્યક્ત કરતા કહેતા કે, મુર્ખામી ભર્યું કામ કરી રહ્યો છે, પરંતુ એના ઉપર ધ્યાન નહિ આપી પોતાના કામ પર ધ્યાન આપ્યું. ૨૦૧૧માં ૨૫ બોક્સથી મધમાખી ઉછેરની શરૂઆત કરી ધીમે ધીમે બોકસ વધારતા ગયા.

૨૦૧૯ના વર્ષમાં નર્મદા-સુરત હની પ્રોડ્યુસર કંપની લિ.નો એફ.પી.ઓ. શરૂ કર્યો. અમે ત્રણ મિત્રોએ ભેગા મળીને શ્રી અર્પીત ઓર્ગેનિક કંપની શરૂ કરીને મધમાખી ઉછેરનો ૧,૧૦૦થી વધુ બોક્સે પહોચ્યો છે. વર્ષે દહાડે ૩૫ ટન મધનું ઉત્પાદન થાય છે. જેમાંથી અલગ અલગ ફ્લેવરનું મધ બનાવી માર્કેટ વેચાણ કરીએ છીએ. ઉંભેળના મધ ઉછેર કેન્દ્રથી વેચાણ કરી અમારી કંપનીને વાર્ષિક રૂ.૩૦ લાખની આવક થાય છે. વધુમાં તેમણે કહ્યું કે, છેલ્લા ૧૪ વર્ષથી મધમાખી ઉછેર સાથે સંકળાયેલો છું. સાથે સાથે સરકારના વિવિધ વિભાગો સાથે મળી સખી મંડળની બહેનો અને ખેડુતોને તાલીમ આપું છું. જેનાથી મધમાખી ઉછેરમાં લોકોનો રસ વધે એવા પ્રયત્ન છે. મધમાખી જેવું નાનો જીવ આપણા પર્યાવરણ અને કૃષિ માટે કેટલુ મહત્વ ધરાવે છે, તે માત્ર મધ તૈયાર કરતી નથી, પરંતુ કૃષિ ઉત્પાદનને મજબૂત બનાવતી, કુદરતી સંતુલન જાળવતી એક પ્રકૃતિની અજબ કડી છે.

વિનોદભાઈએ નવસારી, તાપી અને સુરત જિલ્લાની ૧૮૦ સખીમંડળોની બહેનો અને નવથી વધુ જિલ્લાઓમાં ૧૫૦૦ ખેડૂતોને મધમાખી ઉછેરની તાલીમ આપી:

વિનોદભાઈએ DRDO સાથે MoU કરીને નવસારી, તાપી અને સુરત જિલ્લામાં ૧૮૦ સખી મંડળોની બહેનોને તાલીમ આપી છે. સાથે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, બાગાયતી વિભાગ અને ખાદીગ્રામ ઉદ્યોગ સાથે મળીને સુરત, ભરૂચ, નર્મદા, છોટાઉદેપૂર, પાટણ, કચ્છ, ભાવનગર સહિત નવથી વધુ જિલ્લાઓમાં ૧૫૦૦થી વધુ ખેડૂત અને મહિલાઓને તાલીમ આપી છે. ઉપરાંત વિવિધ સરકારી યોજનાઓ હેઠળ બોક્સ ખરીદી, સ્ટાર્ટઅપ સહાય વિશે માર્ગદર્શન પણ પુરૂ પાડે છે. ઉપરાંત કેટલાક લોકોને સરકારની સહાય અપાવી મધમાખી ઉછેરનો વ્યવસાય શરૂ કરાવ્યો છે.

ઋતુ પ્રમાણે અલગ-અલગ ફ્લેવર્સમાં મધ બનાવી વેચાણ કરે છે

વિનોદભાઈ કહે છે કે, જમીનમાં ઋતુપ્રમાણે અલગ-અલગ પાકો લેવામાં આવે છે, જેમનો રસ લેતી મધમાખીઓ દ્વારા તે અનુસાર અલગ-અલગ ફ્લેવરનાં મધ બનાવી શકાય છે. જેમકે, અજમાં, વરિયાળી, તલ વગેરે. સામાન્યતઃ મધમાખીથી ભરેલી પેટી જમીન પર મૂકવામાં આવે છે. ઈટાલિયન મધમાખી દ્વારા અંદાજિત ૨૦થી ૨૨ દિવસમાં મધ તૈયાર થઈ જાય છે. મધ તૈયાર થતા તેને ફિલ્ટર અને પેકિંગ કરી ઉંભેળ મધ કેન્દ્રથી વેચાણ કરવામાં આવે છે.

મધની ખેતીથી થતા ફાયદાઓ

મધની પેટી મુકવાથી ત્યાં મધમાખીની અવર જવર ખુબ વધે છે. આથી મધમાખીઓ પાકોના ફૂલો પર બેસે છે. તથા તે પાકોમાં પરાગરજનું વહન થવાના કારણોસર પાકનો વિકાસ વધુ થાય છે. ઓર્ગેનિક જમીન પર મધની પેટી રાખવામાં આવે છે. તથા અજમા, વરિયાળી તલ વગેરે ઋતુ પ્રમાણે મધનું ઉત્પાદન લેવામાં આવે છે.

મધમાખી ઉછેર શું છે?

મધમાખી ઉછેર એ એગ્રીકલ્ચરલ એપિકલ્ચરનો એક ભાગ છે જેમાં ખાસ બોક્સમાં માખી અને કામદારો દ્વારા પુષ્પોથી રસ એકત્ર કરી મધ ઉત્પન્ન થાય છે. બોક્સમાં ૧૦ ફ્રેમ હોય છે અને દરેક ફ્રેમ મધથી ભરાઈ જાય ત્યારે તેને ફિલ્ટર કરીને પેકિંગ કરાય છે. અલગ અલગ ઋતુ અને વિસ્તારમાં ખસેડવામાં આવે છે. મહત્વનું એ છે કે, આ પ્રકૃતિસર્જિત છે અને કોઈ રાસાયણિક પ્રક્રિયા વગર પોષણ ધરાવે છે.

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા બાળકો માટે સુરેન્દ્રનગરમાં નિ:શુલ્ક સમર યોગ કેમ્પનું આયોજન

ઇસ્કોન મંદિર ખાતે ભાગવત ગીતાના શ્લોકનું જ્ઞાન આપી બાળકોને ગુરુકુળ પરંપરાથી અવગત કરાવ્યા

કમલમ્, સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લામાં ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા તા.૩૦/૦૫/૨૦૨૫ સુધી દર્શન વિદ્યાલય, રતનપર ખાતે બાળકોમાટે નિઃશુલ્ક સમર યોગકેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં૦૭ થી૧૫ વર્ષના બાળકોને સવારના ૭થી ૯વાગ્યા સુધીપ્રશિક્ષિત કરવામાંઆવે છે.આ તકે જિલ્લા કો-ઓર્ડીનેટર શ્રી મોનિકાબેન ચુડાસમાએ જણાવ્યુંહતું કે, ઇસ્કોન મંદિર સુરેન્દ્રનગર થીડોક્ટર નેહલ પાવરા, વીજ શ્રેષ્ઠ પ્રભુ, સચિન કુમાર પ્રભુ, હર્ષગોવિંદદાસ, પ્રભુ દ્વારા ભાગવત ગીતાના શ્લોકનું જ્ઞાન તથા તેનો મહિમા અને સત્સંગનો બાળકોને લાભ આપીને ગુરુકુળ પરંપરાથી અવગત કરાવવામાં આવ્યા હતાં. આ સમર કેમ્પમાં જિલ્લાના વધુમાં વધુ બાળકોજોડાય તેવોજિલ્લા કો-ઓર્ડીનેટર શ્રી દ્વારાઅનુરોધ કરવામાંઆવ્યો છે.

સ્પેક, ફાર્મસીમાં ત્રણ દિવસીય રાષ્ટ્રીય સ્તરની ઓનલાઇન વર્કશોપનું આયોજન



કમલમ્,

તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદારપટેલ એજ્યુકેશન કેમ્પસ(સ્પેક) સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ ફાર્મસીદ્વારા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU), ગુજરાતઅને બ્રિટિશ-અમેરિકન એનાલિટિક્સ અને ઈન્ટેલિજન્સ કંપની ક્લેરિવેટ ના સહયોગથી "ઉચ્ચ શિક્ષણ, સંશોધન અને ઉત્પાદનક્ષમતા માટે કૃત્રિમ બુદ્ધિમત્તાનો નૈતિક ઉપયોગ" વિષયક ત્રણ દિવસીય રાષ્ટ્રીય સ્તરની ઓનલાઇન વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું. ઝૂમ પ્લેટફોર્મ મારફતે આયોજિત આ કાર્યક્રમનોમુખ્ય હેતુ શિક્ષકો, સંશોધકો અને અનુસ્નાતક વિદ્યાર્થીઓને શિક્ષણ અને સંશોધનમાંકૃત્રિમ બુદ્ધિમત્તા (AI) નાનૈતિકઅનેઅસરકારક ઉપયોગ માટે પ્રેક્ટિકલ જ્ઞાન અને કુશળતાઓથી સજ્જકરવાનો રહ્યો. આ વર્કશોપમાં દેશભરના વિવિધ રાજયોથી ૩૦૦થી વધુ સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાં ફેકલ્ટી સભ્યો, પીએચ.ડી. સ્કોલર્સ અને પિજી વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ વર્કશોપ દરમિયાન સહભાગીઓને સંશોધન કાર્યમાં સહાયકઅદ્યતન AI ટૂલ્સજેમ કે ChatGPT, Gemini, Claude, Paperpal, Trinka, SciSpace વગેરેના વાસ્તવિક ઉપયોગ અંગે હાંસલ માર્ગદર્શન આપવામાં આવ્યું. આ સાધનો દ્વારા સાહિત્ય સમીક્ષા, સંશોધનલેખન, મેન્યુસ્ક્રિપ્ટ ડેવલપમેન્ટ, ડેટા વિશ્લેષણ, પ્રેઝન્ટેશન અને જવાબદાર પ્રકાશન પ્રક્રિયાઓને વધુ અસરકારક રીતે અંજામ આપી શકાયછે. કાર્યક્રમમાં મુખ્ય વક્તાઓ તરીકે ડૉ. સુભશ્રી નાગ (લીડરિજીયનલ સોલ્યુશન્સ કન્સલ્ટન્ટ, ક્લેરિવેટ, બેંગલુરુ), શ્રી સાબુ થોમસ (એસોસિએટ પ્રોફેસર, સેક્રેડ હાર્ટકોલેજ, કોચી, કેરળ), શ્રી નિલેશકુંભાર (સંશોધક, ભારતીય ટેકનોલોજી સંસ્થાન - IIT, ઈંદોર), તથા ડૉ. કે. એસ. સૌમ્યા રાણી (સ્થાપક, સોઉમીસ AWW, તમિલનાડુ)એ સંશોધનક્ષમતા, એકેડેમિક ઈન્ટેગ્રિટી અને એઆઈ આધારિત શૈક્ષણિક કાર્યપ્રણાલીઓ અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું. આ વર્કશોપનું સફળ આયોજન કોર્ડિનેટર ડૉ. સમરેશ પાલ રોય, આઈ.ક્યૂ.એ.સી કો-ઓર્ડિનેટર ડૉ. રાહિલ ભુરા તથા આચાર્યશ્રી ડૉ. ધવલ પટેલના સહયોગ અને માર્ગદર્શનથી શક્ય બન્યું. આ કાર્યક્રમના આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેનશ્રી ગિરીશ પટેલ, સેક્રેટરીશ્રી શિતલ પટેલ તેમજ ટ્રસ્ટીશ્રીઓ જૈમિન પટેલ, ધર્મેશ પટેલ, વિકાસપટેલ, બ્રિજેશ પટેલ, ભાવિન પટેલ દ્વારા તમામને અભિનંદન પાઠવ્યા હતા.

પ્રા.આ.કેન્દ્ર-ગુણસવેલ ખાતે વિશ્વ હાઈપર ટેન્શન ડે" ની ઉજવણી અને જાગૃતિ રેલી યોજાઈ

કમલમ્, મયુર પટેલ

મહુવા તાલુકાનાપ્રા.આ.કેન્દ્ર ગુણસવેલ ખાતે "વિશ્વ હાઈપર ટેન્શન ડે"ની ઉજવણી: અને જાગૃતિ રેલી યોજાઈ સુરતજિ. પં. આરોગ્ય વિભાગના સી.ડી.એચ.ઓ. સર ડૉ. અનિલભાઈ પટેલ એ. ડી.એચ.ઓ. સર ડૉ. સુજીતભાઈ પરમાર અને તાલુકા હેલ્થ ઓફીસર શ્રી ડૉ. મનોજભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ જાગૃતિ રેલી યોજાઈ હતી. હાઈપર ટેન્શન માટે જનજાગૃતિ રેલી ગુણસવેલગામમાં કાઢવામાંઆવી હતી. તથા શિબિરનું આયોજન કરવામાંઆવ્યું હતું. આ શિબિરમાંયુવા પેઢીને પૌષ્ટિક -સંતુલીત આહાર, ખોરાકમાંમીઠું (નમક)નું પ્રમાણ ઓછું કરવા, નિયંત્રિત શારીરિક કસરત-યોગ કરવા, તમાકુ-દારૂ જેવા નશાકારક પદાર્થોના સેવનથી દૂર રહેવું જેવી આરોગ્ય લક્ષી માહિતી આપવામાં આવી હતી.

ભુજ ખાતે તા.૨૬મીના યોજનાર પ્રધાનમંત્રીશ્રીના સંભવિત કાર્યક્રમની તૈયારી અનુસંધાને પ્રભારીમંત્રીશ્રી પ્રફુલભાઇ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઇ

કાર્યક્રમ સ્થળની જાત મુલાકાત લઇને પ્રભારીમંત્રીશ્રીએ જરૂરી સૂચનો સાથે માર્ગદર્શન આપ્યું

કમલમ્, ભુજ

ભુજ ખાતે તા.૨૬ મેના યોજાનારા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સંભવિત કાર્યક્રમના આયોજન અનુસંધાને પ્રભારી મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને ભુજ કલેકટર કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી. કચ્છ જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલે ભુજ-મિરઝાપર રોડ પર યોજાનારા કાર્યક્રમના સ્થળ, મંડપ વ્યવસ્થા, આમંત્રિત મહેમાનો તથા જનમેદની માટે બેઠક વ્યવસ્થા, પાર્કીંગ, શૌચાલય, સુરક્ષા વ્યવસ્થાપન, વીજળી સહિતની તૈયારીઅંગે પ્રેઝન્ટેશન રજૂ કરીને પ્રભારીમંત્રીશ્રીને પૂર્વ તૈયારીઓ અંગેની વિગતોથી અવગત કર્યા હતા. આ સાથે પ્રધાનમંત્રીશ્રીના હસ્તે લોકાપર્ણ તથા ખાતમુહૂર્ત થનારા કામની સંભવિત યાદી સાથે સમગ્ર કાર્યક્રમની તૈયારીની રૂપરેખા રજૂ કરી હતી.

પ્રભારીમંત્રીશ્રીએ કચ્છ વહીવટીતંત્રના સમગ્ર આયોજન તથા કામગીરીમાટે નિમણૂંક થયેલી વ્યવસ્થાપન સમિતિઓની જાણકારી મેળવીને સૂચારૂ આયોજન અંગે જરૂરી સૂચનો તથા માર્ગદર્શન આપ્યું હતું.

બેઠકમાં સાંસદશ્રી વિનોદ ચાવડા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રીજનકસિંહ જાડેજા તથા સર્વધારાસભ્યશ્રીઓ કેશુભાઈ પટેલ, માલતીબેન મહેશ્વરી, પ્રદ્યુમનસિંહ જાડેજાએ પણ જરૂરી સૂચના કર્યા હતા. પ્રધાનમંત્રીશ્રીના કાર્યક્રમના અનુંસંધાને પ્રભારીમંત્રીશ્રી, સાંસદશ્રી, સર્વ ધારાસભ્યશ્રીઓ, કલેકટરશ્રી તથા વહીવટીતંત્રનીસમગ્ર ટીમેભુજ - મિરઝાપર રોડ પર કાર્યક્રમના સ્થળની જાત મુલાકાત લઈને પૂર્વ તૈયારીની રૂબરૂ સમીક્ષા કરીને જરૂરી સૂચનો કર્યા હતા. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીઉત્સવ ગૌતમ, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષકશ્રી વિકાસ સૂંડા, ડીપીએ ચેરમેનશ્રી સુશિલકુમાર સિંગ, પ્રાંત અધિકારીશ્રી અનિલ જાદવ, આગેવાનશ્રી દેવજીભાઈ વરચંદ તથા સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ, વિવિધ કચેરીઓના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવીએ અમદાવાદમાં માધુપુરા પોલીસ લાઈન તેમજ ઈસનપુર અને દાણીલીમડા પોલીસ લાઈનના સમર કેમ્પની મુલાકાત લીધી

બાળકો મોબાઇલના વધુ પડતા દૂષણ અને સોશિયલ મીડિયામાંથી બહાર આવે એ માટે અમદાવાદ શહેર પોલીસ દ્વારા આ સમર કેમ્પ થકી એક અદભુત પહેલ કરાઈ : ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવી

અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી જી. એસ. મલિકની પ્રોત્સાહક ઉપસ્થિતિ

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

- પોલીસ પરિવારના વેલ્ફેરને લક્ષ્યમાં રાખીને શહેર પોલીસ પરિવારનાં બાળકો માટે અમદાવાદ શહેરની વિવિધ પોલીસ લાઈનમાં ૧૪ જેટલા સમર કેમ્પનું આયોજન
- આ સમર કેમ્પ થકી બાળકોની જીવન જીવવાની રીતમાં બદલાવ લાવવાનો જે પ્રયાસ થયો અને સફળતા પ્રાપ્ત થઈ તે ખરેખર ખૂબ પ્રશંસનીય
- આ સમર કેમ્પમાં ૫૦૦થી વધુ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો

કમલમ્,

ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવીએ અમદાવાદ શહેરની માધુપુરા પોલીસ લાઈન તેમજ ઈસનપુર અને દાણીલીમડા પોલીસ લાઈનના સમર કેમ્પની મુલાકાત લઈને આ કેમ્પમાં બાળકોની પ્રવૃત્તિઓ નિહાળી હતી. આ અવસરે સમગ્ર અમદાવાદની પોલીસ ટીમને અભિનંદન પાઠવતા ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ પોલીસ પરિવારના વેલ્ફેરને લક્ષ્યમાં રાખીને શહેર પોલીસ પરિવારનાં બાળકો માટે અમદાવાદ શહેરની વિવિધ પોલીસ લાઈનમાં ૧૪ જેટલા સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જે અમદાવાદ પોલીસની પ્રશંસનીય પહેલ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ઉનાળાના વેકેશનમાં બાળકો ઘરે બેઠા સૌથી વધુ ઉપયોગ મોબાઈલનો કરતાં હોય છે અને સોશિયલ મીડિયામાં વ્યસ્ત રહેતાં હોય છે. બાળકો આ મોબાઈલના દૂષણમાંથી બહાર આવે તે માટે અમદાવાદ શહેર પોલીસ દ્વારા આ સમર કેમ્પ થકી એક અદભુત પહેલ કરવામાં આવી છે. ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, આ સમર કેમ્પ થકી બાળકો માટીપર રમાતી રમતોમાં રુચિ દાખવતા થયાં છે. આ સાથો સાથ બાળકોને ગમતી પ્રવૃત્તિઓ જેમ કે, ડ્રોઈંગ, યોગ, ફનીગેમ, દોડ વોક, ડાન્સ, પેપર ક્રાફટ, ચેસ, કેન્વાસ પેઈન્ટિંગ, પેઈન્ટિંગ, આર્ટ એન્ડક્રાફટ, સંગીત સાથે જોડવાનું ભગીરથ કાર્ય અમદાવાદ પોલીસની ટીમ દ્વારા કરવામાંઆવ્યુંછે. સમર કેમ્પ અંગે વાત કરતા ગૃહ રાજયમંત્રીશ્રીએ કહ્યું કે, આ સમર કેમ્પમાં બાળકો ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગલઈ રહ્યા છે. આ કેમ્પમાંઅંદાજિત ૫૦૦થી વધુ બાળકોએ ભાગ લીધો છે. આ સમરકેમ્પમાં બાળકો સ્વૈચ્છિક રીતે જોડાઈ રહ્યાં છે. આ સમરકેમ થકી બાળકોના વ્યવહારમાં પણ ખૂબ મોટો ફરક જોવા મળી રહ્યો છે. પોલીસ માત્ર ગુનેગારોને પકડવા કે પછી કાયદો વ્યવસ્થાજાળવવા માટે નહી પણ તેનાથી વધુ એક પગલું આગળ વધીને માનવ જીવનમાં ખાસ કરીને આ સમર કેમ્પ થકી બાળકોની જીવનજીવવાની રીતમાં બદલાવ લાવવાનો જે પ્રયાસ કરવામાં આવ્યો છે અને એમાં સફળતા પ્રાપ્ત થઈ તે ખરેખર ખૂબ પ્રશંસનીય છે, તેવું તેમણે ઉમેર્યું હતું.

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રી જી. એસ. મલિકે કહ્યું કે, અમદાવાદ શહેર પોલીસ દ્વારા છેલ્લાં બે વર્ષથી ઉનાળાના વેકેશનમાં વોકેશનલ ટ્રેનિંગ એટલે કેસમર કેમ્પ'નુંઆયોજન કરવામાં આવે છે. આ ઉનાળા વેકેશન દરમિયાન અમદાવાદ શહેરની વિવિધ પોલીસ લાઈનમાં ૧૪ જેટલા સમર કેમ્પ આયોજિત કરવામાં આવ્યાં છે. ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ અમદાવાદમાં માધુપુરા પોલીસ લાઈન તેમજ ઈસનપુર અને દાણીલીમડા પોલીસ લાઈનના સમર કેમ્પની મુલાકાત લીધી ત્યારે સંયુક્ત પોલીસ કમિશનર શ્રી સેક્ટર-૨ જયપાલસિંહ રાઠોડ, ઝોન ૪ ડીસીપી ડૉ. કાનન દેસાઈ, ઝોન ૬ ડીસીપી રવિ મોહન સૈની, ઈસનપુર, દાણીલીમડા અને માધુપુરા પોલીસ સ્ટેશનના પીઆઈશ્રી, પોલીસ સ્ટેશનનો સ્ટાફ, તેમજ બાળકો અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેરની તમામ પોલીસ લાઈનો જેમાં દેવજીપુરા પોલીસ લાઈન, એલીસબ્રિજ પોલીસ લાઈન, માધુપુરા પોલીસ લાઈન, અમરાઈવાડી પોલીસ લાઈન, દાણીલીમડા પોલીસ લાઈન, ગોમતીપુર પોલીસ લાઈન, ગાયકવાડ હવેલી પોલીસ લાઈન, રાણીપ પોલીસલાઈન, મણિનગર પોલીસ લાઈન, વટવા પોલીસ લાઈન, ઓઢવ પોલીસ લાઈન, નરોડા પોલીસ લાઈન, બાપુનગર પોલીસ લાઈન, ઈસનપુર પોલીસ લાઈન તથા પોલીસ મુખ્ય મથક ખાતેઆ કેમ્પનુંઆયોજન કરવામાં આવે છે. આ સમર કેમ્પમાંપોલીસ લાઈન ખાતે બાળકો માટે સેલ્ફ ડીફેન્સ, માર્શલ આર્ટ્સ, જીમ્નેસ્ટિક, ડ્રોઈંગ, યોગા, ફનીગેમ, દોડ, ડક વોક, ડાન્સ, પેપર ક્રાફ્ટ, ચેસ, કેન્વાસ પેઈન્ટિંગ, પેઈન્ટિંગ, આર્ટ એન્ડ ક્રાફટ, સંગીત, ક્રીચેઈન મેકિંગ, કેલીગ્રાફી, કોમ્પ્યુટરનું પાયાનું જ્ઞાન, બાળકો માટેના વિજ્ઞાન પ્રયોગો, ગ્લાસ પેઈન્ટિંગ, ગ્રીટીંગ કાર્ડ, હોમ મેડીટેશન, નેઈલઆર્ટ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. આ વોકેશનલ ટ્રેનિંગ એટલે કે સમર કેમ્પ અંતર્ગત થનાર ખર્ચ પોલીસ વેલ્ફેર ફંડમાથી ચૂકવવામાંઆવે છે. આ સમર કેમ્પનો મુખ્ય હેતુ બાળકોનો શૈક્ષણિક, રમતગમત તથા સાંસ્કૃતિક વિકાસ કરવાનો છે. આ સમર કેમ્પમાં પોલીસ પરિવારનાં બાળકો એવી પ્રવૃત્તિઓથી પરિચિત થાય છે કે જેનાથી તેમની વિવેચનાત્મક અને તાર્કિક કુશળતામાં સુધારો આવી શકે છે. સાથે જ, બાળકોમાં સામાજિક કૌશલ્યો વિકસે, તેમના વ્યક્તિગત વિકાસને પ્રોત્સાહન મળે, તેઓ શારીરિક પ્રવૃત્તિઓમાંજોડાય, નવા મિત્રોબનાવે અને મૂલ્યવાન જીવન કૌશલ્યો શીખે તે રીતની તમામ તકો તેમને મળે તેવા ઉદ્દેશથી આ સમર કેમ્પ યોજાઈ રહ્યો છે.

વિકસિત ભારત માટે વિકસિત ખેતી, અદ્યતન ખેતી અને સમૃદ્ધ ખેડૂતો જરૂરી છે: કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ

કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણના નેતૃત્વમાં ૨૯ મેથી દેશવ્યાપી 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન' શરૂ કરવામાં આવશે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'લેબ ટુ લેન્ડ' ના સંકલ્પને પૂર્ણ કરવા તરફ એક અસરકારક પગલું: શ્રી ચૌહાણ

કમલમ્,
કેન્દ્રીય કૃષિ ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય મીડિયા સેન્ટર ખાતે એક પત્રકાર પરિષદને સંબોધતા ૨૯મેથી શરૂથઈ રહેલા રાષ્ટ્રવ્યાપી "વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન" વિશે વિગતવાર માહિતી આપી હ તી. તેમણે એમ પણ કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિકસિત ભારત બન વવા માટે એક અભિયાન ચાલી રહ્યું છે અને વિકસિત ભારત માટે વિકસિત કૃષિ, અદ્યતન ખેતી અને સમૃદ્ધ ખેડૂતોજરૂરી છે.

આજે પણ, કૃષિ ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ છે. લગભગ અડધીવસ્તી માટેરોજગારનોસ્રોત છે અને સૌથી ઉપર, દેશની ખાદ્ય સુરક્ષાનો આધાર છે. મીડિયા સાથેની ચર્ચામાં કેન્દ્રીય મંત્રી શ્રી ચૌહાણે જણાવ્યુંહતું કેકેન્દ્રીય કૃષિ મંત્રાલયનો ઉદ્દેશ્ય દેશની ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કર વાનો છે. લગભગ ૧૪૫ કરોડની વસ્તી ધરાવતા આપણા દેશમાં, દરેકને પૂરતું અનાજ મળવું જોઈએ, ફળો અને શાકભાજીની ઉપલબ્ધતા હોવી જોઈએ, ખેડૂતો યોગ્ય આજીવિકા મેળવી શકે તેવો હોવો જોઈએ, એટલે કે ખેતી એક નફાકારક વ્યવસાય બન વી જોઈએ અને અનાજ ઉપલબ્ધ હોવુંજોઈએ, પરંતુ તે પૌષ્ટિક હોવું જોઈએ. તેના માટે પ્રયત્નો કરવા જોઈએઅનેતે આપણી પાસે કુદરતીસંસાધનો છે. આપણો તેનું સંરક્ષણ કરવું જોઈએ. તેનો ઉપયોગ એવીરીતે કરવોજોઈએ કે તેઓ આવનારી પેઢીઓ માટે પણ અનાજ, ફળો અને શાક ભાજીનું ઉત્પાદન કરતારહે.

કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારાઆ લક્ષ્યોને પૂર્ણ કરવા માટે, અમારી પાસે છ મુદ્દાની વ્યૂહરચના છે - એક - ઉત્પાદન વધારવા માટે, બીજું -ઉત્પાદન ખર્ચ ઘટાડવા માટે, ત્રીજું -ઉત્પાદન માટે વાજબી કિંમત ચૂકવવા માટે, ચોથું - કુદરતી આફતોના કિસ્સામાં નુકસાનની ભરપાઈ કરવા માટે, પાંચમું - કૃષિનું વૈવિધ્ય કર ણ, મૂલ્યવર્ધન, ખાદ્ય પ્રક્રિયાઅને અન્ય બાબતો સાથે અને ખૂબ જ મહત્વપૂર્ણ કાર્ય એછે કેકુદરતી ખેતી અને ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવાની દિશામાં વિચારવું. ઉત્પાદનમાંથયેલા વધારાઅંગે શ્રી શિવરાજ સિંહે જણાવ્યું હતું કે, જો આપણે અંદર વધારા પર નજર કરીએ તો, ખરીફ ચોખા ૧૨૦૬.૭૯લાખ મેટ્રિક ટન, ઘઉં ૧૧૫૪.૩૦ લાખ મેટ્રિક ટન, ખરીફ મકાઈ ૨૪૮.૧૧ લાખ મેટ્રિક ટન, મગફળી ૧૦૪.૨૬ લાખ મેટ્રિક ટન અને સોયાબીન ૧૫૧.૩૨ લાખમેટ્રિક ટનછે. આ વર્ષે ઉત્પાદન અત્યાર સુધીનું સૌથી વધુછે, જે એક રેકોર્ડછે. તમણે કહ્યું કે આપણું ઉત્પાદન વધી રહ્યું છે, તેથી ખાદ્ય ભંડાર ભરાઈ ગયો છે, પરંતુ અમે અહીં રોકાવા માંગતા નથી.

અમે અમારા દેશની જરૂરિયાતોપૂરી કરીશુંઅને ભારત પણ વિશ્વભાઈ હોવાથી,અમે બ્રહ્મા દેશોને મદદ પણ કરીશું. અને, અમારું સ્વપ્ન અને સંકલ્પ એ છે કે એક દિવસ ભારતને વિશ્વનું ખાદ્ય બાસ્કેટ બનાવવું, તેથી અમે નક્કી કર્યું છે કે ખરીફ પાક માટે, આપણે કૃષિ ઉત્પાદન વધારવા અને ખર્ચ ઘટાડવા માટે કામ કરતી બધી સંસ્થાઓને એકસાથેલાવીએ અને તેમને એક દિશામાં લઈ જઈએ. હવે ICAR પાસે૧૧૩સંસ્થાઓ છે,જે આઅભિયાનદ્વારાવધુ સારી રીતેસંકલન કરશે. રાજ્ય સરકાર પોતાના પ્રયાસો કરે છે, કેન્દ્ર સરકારની પોતાનીયોજનાઓ છે, યુનિવર્સિટી પોતાનું કામ કરે છે; અમે આ બધાને ભેગા કરીને એક દિશામાં લઈ જવાનું નક્કી કર્યું છે. કેન્દ્રીય મંત્રી શ્રી ચૌહાણે ખુશી વ્યક્ત કરી અને માહિતી આપી કે ૨૦૨૩-૨૪માં ખરીફમાં કુલ ખાદ્યાન્નનું ઉત્પાદન ૧૫૫૭.૬૮ લાખ ટનહતું. જે ૨૦૨૫-૨૬માં વધીને ૧૬૬૩.૯૧ લાખટન થયું, જ્યારે આપણું રવિ ઉત્પાદન ૨૦૨૩-૨૪માં ૧૬૦૦.૦૬ લાખ ટન હતું. જે હવે વધીને ૧૬૪૫.૨૭ લાખ ટન થયું છે. એકંદરે, એક વર્ષમાં ખાદ્યાન્નનું ઉત્પાદન ૩૧૫૩.૭૪થી વધીને ૩૩૦૯.૧૮ લાખટન થયું છે. જો આમાં કઠોળનો પણ સમાવેશ કરવામાં આવે તો કઠોળનું કુલ ઉત્પાદન ૨૨૧.૭૧થી વધીને ૨૩૦.૨૨ લાખટન થયું છે. અને જો આમાં તેલીબિયાંનો પણ સમાવેશ કરવામાં આવે તો તેલીબિયાં પાક પણ ૩૮૪ લાખ મેટ્રિક ટનથી વધીને ૪૬૬ લાખ મેટ્રિક ટન થયા છે. શ્રી શિવરાજ સિંહે જણાવ્યું હતું કેતાજેતરમાં જ ખરીફ પરિષદ યોજાઈ હતી. જેમાં ઘણા રાજ્યોના કૃષિ મંત્રીઓ આવ્યા હતાઅને અમે નિર્ણય લીધો હતો કે આ વર્ષે અમે ખરીફ પાક માટે વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન ચલાવીશું. હાલમાં, લગભગ ૧૬૦૦૦ વૈજ્ઞાનિકો સંશોધન કાર્યમાં રોકાયેલાછે. પરંતુ ખેડૂતો માટે તેની ઉપયોગિતા વર્તમાન પરિસ્થિતિઓ અનુસાર સાબિત થવી જોઈએ. તેથી અમે નક્કી કર્યું કે માંગ-આધારિત સંશોધન હોવું જોઈએ. અમે આ અભિયાન માટે એક બ્લુપ્રિન્ટ બનાવી છે. જેમાં વૈજ્ઞાનિકોની ૨૧૭૦ ટીમો બનાવવામાં આવી રહી છે. આ દરેકટીમમાં ઓછામાં ઓછા ૪ વૈજ્ઞાનિકો હશે. તેમની સાથે કૃષિ યુનિવર્સિટીઓના વૈજ્ઞાનિકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો.

યુનિવર્સિટીઓ, કોલેજો, રાજ્ય સરકારના કર્મચારીઓ, કેન્દ્રીય કૃષિ વિભાગની ટીમ, પ્રગતિશીલ ખેડૂતો, FPOs, વગેરે, આ બધા સાથે મળીને જિલ્લાઓમાંએક ટીમતરીકે જશે અને ગામડાઓમાં પહોંચ્યા પછી, તેઓ નજીકના ગામડાઓના ખેડૂતોને ભેગાકરશે અને ૨૯ મેથી ૧૨જૂન સુધી દરરોજ સવારે, સાંજે અનેબપોરના ભોજન સમયે ખેડૂતો સાથે વાતચીત કરશે. કેન્દ્રીય મંત્રી શ્રી ચૌહાણે માહિતી આપી હતી કે ટીમોજે સ્થળેજશે, તેસ્થળની કૃષિ આબોહવાની સ્થિતિ શું છે, જમીનમાં કયા પોષક તત્વો હાજર છે, કયા પોષક તત્વોનો અભાવ છે, ત્યાં કેટલું પાણી છે, કેટલો વરસાદ પડે છે, આબોહવા શું છે, માટીની ગુણવત્તા/માટી આરોગ્ય કાર્ડ બનાવવામાં આવ્યું છે, પરંતુ જો ખેડૂતો તેનો ઉપયોગ ન કરી રહ્યા હોય, તો માટી આરોગ્ય કાર્ડમાં જમીનમાં કયા તત્વોનો અભાવ છે તેના આધારે, કયા પાક માટે કયા બીજ સારા રહેશે, કયો પાક સારો રહેશે, ખેડૂતોને તેના વિશે જણાવવામાં આવશે, ટીમ એ પણ જણાવશે કે કઈ પદ્ધતિથી વાવણી કરવી જોઈએ, કયુ કેટલું ખાતર ઉમેરવું જોઈએ. ઘણી વખત ખેડૂતો એવી વસ્તુઓ વાવે છે જેની જરૂર નથી. જો DAP અને યુરિયાનો ઉપયોગ જરૂરી માત્રા કરતાં વધુ થાય તોખર્ચ વધે છેઅને જમીનનું સ્વાસ્થ્ય પણ બગડે છે. તો, અમે તમામ વૈજ્ઞાનિક તથ્યોના આધારે ખેડૂતોને માહિતી આપીશું. આ એક સંવાદના રૂપમાં હશે. શ્રી ચૌહાણે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી હંમેશા કહે છે કે સંશોધન પ્રયોગશાળાથી જમીન સુધી એટલે કેલેબ ટુલેન્ડસુધીપહોંચવુંજોઈએ. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જય અનુસંધાનનો નારો આપ્યો છે. પ્રયોગશાળાઓ અને વિજ્ઞાન ખેડૂતોના ઘરઆંગણે પહોંચશે. આનાદ્વારા આપણે કૃષિ ઉત્પાદન વધારીશું અને ખર્ચ પણ ઘટાડીશું. આ કૃષિ સંશોધનની દિશા પણ નક્કી કરશે. આ એક સર્જનાત્મક ઝુંબેશ છે. તેમણે કહ્યું કે વૈજ્ઞાનિકો અગિયાર મહિના સુધી પ્રયોગશાળામાંકામ કરશે અને એક મહિના માટે ખેડૂતોપાસે જશે. આ ઝુંબેશ દર વર્ષે ખરીફ અને રવિ પાકની વાવણી પહેલાં ચલાવવામા આવશે શ્રી શિવરાજ સિંહે જણાવ્યું હતું કે ખેડૂતો ટીમોને પ્રશ્નો પૂછશે અને તેમને તેમની સમસ્યાઓ પણ જણાવશે અને ખેડૂતો અમને જે કહેશે તેના આધારે, અમે સંશોધનની દિશા પણ નક્કી કરીશું કે આ વિસ્તારનાખેડૂતોની સમસ્યા છે, આ સમસ્યા ઊભી થઈ રહી છે, જો આ જીવાતોનો હુમલો થાય તો તેનાથી બચવા માટે શું કર વુ જોઈએ આ એકનવીન, મહત્વપૂર્ણ, સર્જનાત્મક અભિયાન છે. જેમાં ખેડૂતો અને વિજ્ઞાન બંને સામેલ થશે.

ICAR ના ૭૩૧ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો અને ૧૧૩ સંસ્થાઓના વૈજ્ઞાનિકો-નિષ્ણાતો સક્રિયપણે ભાગ લેશે. આ ઝુંબેશ ૭૨૩ જિલ્લાઓમાં ચલાવવામા આવશે. દરેકજિલ્લા માટે ૩ ટીમો બનાવવામાં આવી છે, જેમાં કૃષિ, બાગાયત, પશુપાલન, મત્સ્યઉદ્યોગ વગેરે વિભાગોના અધિકારીઓ, વૈજ્ઞાનિકો અને નવીન ખેડૂતોનો સમાવેશ થાય છે. ૨,૧૭૦ ટીમો ૬૫ હજારથી વધુ ગામડાઓમાં ખેડૂતો સાથે સીધો સંપર્ક કરશે. આ અભિયાનનો ૧.૩૦ કરોડથી વધુ ખેડૂતો સાથે સીધો સંપર્ક થશે, જે દેશમાંકૃષિ નવીનતાઅને જાગૃતિને નવી દિશા આપશે.

ગાંધીનગર ખાતે ફેબ્રિક સોર્સિંગ એક્સ્પો માં કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહી ટેક્સ્ટાઈલ સેક્ટરના આગેવાનો સાથે સંવાદ કરી તેમજ વિવિધ સ્ટોલ્સની મુલાકાત લઈને ટેક્સ્ટાઈલ પ્રોડક્ટ્સ નિહાળી

કમલમ્,
ગાંધીનગર ખાતે ફેબ્રિક સોર્સિંગ એક્સ્પો (FABEXA) માં કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહી ટેક્સટાઈલ સેક્ટરના આગેવાનો સાથે સંવાદ કરી તેમજ વિવિધ સ્ટોલ્સની મુલાકાત લઈને ટેક્સ્ટાઈલ પ્રોડક્ટ્સ નિહાળી. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે કાપડ ઉદ્યોગના સર્વાંગી વિકાસ માટે "5F વિઝન" — ફાર્મ, ફાઇબર, ફેક્ટરી, ફેશન અને ફોરેનની દિશામાં કાર્ય કરવાની દિશા દર્શાવી છે. આ વિઝનના અનુસંધાને આજે ગુજરાતમાં ટેક્સ્ટાઈલ ક્ષેત્રે આધુનિક ટેકનોલોજી અને નવીનતાના આધારે ઝડપી વિકાસ થઈ રહ્યો છે. ગુજરાત, દેશના અગ્રગણ્ય કાપડ ઉદ્યોગ કેન્દ્ર તરીકે, વૈશ્વિક સ્તરે પોતાની અનોખી ઓળખ બનાવી ચૂક્યું છે. આવી સ્થિતિમાં આ એક્સ્પો વિશ્વાસના ખરીદદારો અને ઉદ્યોગજનો માટે એક વિશાળ પ્લેટફોર્મ તરીકે કાર્ય કરશે અને રાજ્યના ટેક્સ્ટાઈલ સેક્ટરને નવી ઊંચાઈઓએ લઈ જશે અને નિકાસને વેગ મળશે તેમજ રોજગારીના અવસરો વધશે. આ એક્સપોમાં શ્રી ગૌરાંગભાઈ ભગત - પ્રેસિડેન્ટ મસ્કતી મહાજન માર્કેટ, મમતાબેન વર્મા - અધિક મુખ્ય સચિવ ઉદ્યોગ વિભાગ, શ્રી કેયુરભાઈ સંપટ - એમ.ડી ઇન્ડેક્સ-બી, શ્રી પી.સ્વરૂપ - ઉદ્યોગ કમિશનર, વિવિધ એસોસિએશનના સભ્ય તેમજ મોટી સંખ્યામાં ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા.

લિંબાયતમાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન

ઓપરેશન 'સિંદૂર'ની વીરતાને અપાઈ શ્રદ્ધાંજલિ

હિંદુ-મુસ્લિમ એકતાનું પ્રતિક બની તિરંગા યાત્રા, રસ્તાઓ પર દેખાયો રાષ્ટ્રભક્તિનો જોશ

કમલમ્, સુરત
લિંબાયતવિધાનસભા વિસ્તારમાં આજે રાષ્ટ્રભક્તિની ભાવનાથી ભવ્ય તિરંગાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રિય જવાશક્તિ મંત્રી અને ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી સી.આર. પાટીલની વિશિષ્ટ ઉપસ્થિતિ તેમજ લિંબાયતની વિધાયિકા શ્રીમતી સંગીતા પાટીલના નેતૃત્વમાં આ યાત્રા યોજાઈ હતી. હજારો દેશપ્રેમીઓની હાજરીમાંયોજાયેલીઆયાત્રાનો મુખ્ય ઉદ્દેશ ભારતીય સેનાના શૌર્ય અને 'ઓપરેશન સિંદૂર'નાપરાક્રમને સમર્પિત કરવો રહ્યો હતો. આ યાત્રાની શરૂઆત વિધાયિકા સંગીતા પાટીલના જનસંપર્ક કાર્યાલયથી કરવામાં આવી હતી, જે સંજય નગર સર્કલ થઈને મોડર્ન ટાઉનપર્વત પાટિયા સુધી પહોંચીહતી. બાઈક રેલી સાથે મોટી સંખ્યામાં નાગરિકો પદયાત્રા સ્વરૂપે જોડાયા હતા. યાત્રા દરમિયાન માર્ગમાંઆવેલા નાગરિકોએ ફૂલોથી તિરંગાયાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું હતું. વિશેષ વાત એ રહી કે લિંબાયત વિધાનસભા વિસ્તાર માં હિંદુ અને મુસ્લિમ સમુદાયની વસ્તી સરખી પ્રમાણમાં હોવા છતાં બંને સમુદાયના લોકોએકતાપૂર્વક જોડાઈ રાષ્ટ્રીય એકતા અને અખંડતાનું અદભુત દૃશ્ય પેદા કર્યું હતું. વિધાયિકા સંગીતા પાટીલએ કહ્યું હતું કેવડાપ્રધાન નરેન્દ્ર મોદીના મજબૂત નેતૃત્વમાં ભારત સરકારે આતંકવાદ વિરુદ્ધ 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવી છે. જેના પરિણામે ભારતીય સેનાએ પહેલગામમાં થયેલા આતંકી હુમલાનો મક્કમ જવાબ આપતાં 'ઓપરેશન સિંદૂર'ને સફળતાપૂર્વક અમલમાં મુકીતિરંગાની શાન વિશ્વ પથ પર વધારી છે. આ ગૌરવમય યાત્રામાં સુરત શહેર ભાજપ પ્રમુખ પરેશભાઈ પટેલ, મેયર દક્ષેશભાઈ માવાણી, સ્ટેન્ડિંગ કમિટીનાચેરમેન રાજનભાઈ પટેલ, ડેપ્યુટી મેયર નરેન્દ્રભાઈ પાટીલ, શાસકપક્ષ નેતા શશિબેન ત્રિપાઠી, સંગઠનના હોદેદારો, કોર્પોરેટરો, વોર્ડ અગ્રિકારીઓ, કાર્યકરોઅને નાગરિકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. યાત્રા અંતે સૌએભારતીય સેનાના શૌર્ય અને બલિદાનને સ્મરી શ્રદ્ધાંજલિઅર્પણ કરી કૃતજ્ઞતા વ્યક્ત કરીહતી.